**<u>અમદાવાદ શહેરના મહેરબાન ખાસ ન્યાયાધિશ સાહેબની કોર્ટ નં.૨૩ માં, મુ.અમદાવાદ</u>**

**<u>ક્રિ.પ.અ.નં.૯૨૯/૨૦૨૩</u>**

**<u>અરજદારઃ-</u>** દેવેન્દ્રપ્રસાદ ભગવાનજી પંડયા
ઉ.વ.આ.૮૫,
રહે.૨૨ દત્ત સોસાયટી,
ભટ્ઠા,પાલડી,
અમદાવાદ
(હાલ જયુડી.કસ્ટડી,સાબરમતી મધ્યસ્થ જેલ,અમદાવાદ)

**<u>વિરૂધ્ધ</u>**

**<u>સામાવાળાઃ-</u>** ધી સ્ટેટ ઓફ ગુજરાત

---

અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રી બી.આઇ.દવે
સામાવાળા તર્ફે વિ.સ્પે.પી.પી.શ્રી વી.કે.રાવ

---

**<u>આંક-૧ લગત હુકમ</u>**

(૧) અરજદાર/આરોપી વિરૂધ્ધ સી.આઇ.ડી.ક્રાઇમ, અમદાવાદ ઝોન (અમદાવાદ સીટી) ફર્સ્ટ ગુના રજી.નં.૧૧/૨૦૨૦ થી ઇ.પી.કો.કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી), પ્રિવેન્શન ઓફ કરપ્શન એકટની કલમ-૧૩(૧)(ડી), ૧૩(૨) મુજબનો ગુનો દાખલ થયેલો અને તે ગુનામાં આરોપીની ધરપકડ થયેલ છે અને આરોપી હાલમાં જયુડીશીયલ કસ્ટડીમાં હોવાથી અરજીમાં જણાવેલા કારણોને ધ્યાનમાં લઇ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી રજુ કરેલી છે.

(૨) અરજદાર/આરોપીની જામીન અરજી અનુસંધાને સામાવાળા

સરકારશ્રીને નોટીસ ઇસ્યુ કરવામાં આવેલી છે.

સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.સ્પે.પી.પી.શ્રી વી.કે.રાવ હાજર થયેલા છે અને આંક–૬ થી તપાસ કરનાર અમલદારની એફીડેવીટ રજુ કરેલી છે.

અરજદાર/આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી બી.આઇ.દવેની દલીલો સાંભળી.

જયારે સરકાર તર્ફે વિધ્વાન સ્પે.પી.પી.શ્રી વી.કે.રાવની દલીલો સાંભળી.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી દ્વારા મુખ્યત્વે અરજીની હકીકતોને દલીલ સ્વરૂપે દોહરાવેલ છે અને વિશેષમાં એવી રજુઆત કરેલી છે કે આરોપી માધવપુરા મર્કેન્ટાઇલ કો.ઓપ.બેંક લી.માં છેલ્લે એમ.ડી. અને સી.ઇ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા, બેંકની રચના ઓછા વ્યાજે ધિરાણ મેળવી વધુ વ્યાજે ધિરાણ આપવા માટે થયેલી, ૨૦૦૧ ના વર્ષમાં મેનેજમેન્ટના કન્ટ્રોલ બહારના સંજોગોના કારણે થાપણદારો દ્વારા થાપણોના પૈસા પરત મેળવવા ઘસારો વધી ગયેલો, બેંક દ્વારા જે, તે વેપારીઓને લોનો આપવામાં આવેલી, બેંક થાપણની રકમ પરત ચુકવવામાં કાચી પડતા તા.૧૩–૩–૨૦૦૧ ના રોજ સેન્ટ્રલ રજીસ્ટ્રાર દ્વારા બેંકના વહીવટ માટે એડમીનીસ્ટ્રેટરની નિમણુંક કરવામાં આવેલી તેઓ દ્વારા લોન લેનારા વિરૂધ્ધ દિવાની અને ફોજદારી રાહે પગલા લેવા માટે ઠરાવ થયેલો અને કુલ્લે–૨૨૧ અરજીઓ આરોપી વિરૂધ્ધ થયેલી, બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્વારા બેંકનો વહીવટ કરવામાં આવતો હતો, બેંકના એમ.ડી./સીઇઓ ને લોન મંજુર કરવાની સત્તા ન હતી, લોન મંજુર કરવાના ઠરાવ થયેલા છે, લોન

મંજુર કરનાર બોર્ડ ઓફ ડીરેકટર્સને આરોપી બનાવવા જોઇએ પરંતુ તેઓને આરોપી બનાવેલા નથી, આરોપી વિરૂધ્ધ માધુપુરા, કાલુપુર, એલિસબ્રિજ, સી.આઇ.ડી.ક્રાઇમ ઇકોનોમીક સેલમાં ફરિયાદો દાખલ થયેલી કુલ્લે-૭૩ એફ.આઇ.આર. આરોપી વિરૂધ્ધ થયેલી છે, આરોપી નવ વર્ષ અને ચાર માસ યુ.ટી.પી.રહ્યા છે, ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ શકય તેટલી વહેલી તકે એફ.આઇ.આર.કરવી જોઇએ, આરોપી સામે દ્વેશભાવ રાખેલ છે, કુલ્લે-૧૦ એફ.આઇ.આર. છે તેમાં બે માં સમરી રીપોર્ટ ભરેલો છે, લોનની રકમ રીકવર થયેલ નથી, આરોપી સામે ઉતાવળથી ગુનો દાખલ થયેલો છે, તકરાર દિવાની સ્વરૂપની છે, આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ બનતો નથી, કહેવાતી લોનો બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્વારા મંજુર કરેલી છે, મોટા ભાગની ફરિયાદ માધુપુરા બેંકે આપેલી નથી પરંતુ એજન્સીએ આપેલી છે, કહેવાતા બનાવ અંગે ૧૮ થી ૩૩ વર્ષના વિલંબ બાદ વ્યાજ સાથે મોટી રકમ બતાવેલી છે, વ્યાજ સાથે ચીટીંગ ન થાય, કહેવાતા ગુના અંગે ૨૧ વર્ષ થયા પછી પણ કેસની ટ્રાયલ ચાલુ થયેલ નથી, નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઇકોર્ટના લિસ્ટથી રજુ કરેલા જજમેન્ટો ધ્યાને લેતાં આરોપી ટ્રાયલ ફેસ કરવા રેડી હોય તો આરોપીને જામીન મુકત કરવા જોઇએ, આરોપી સને-૨૦૧૨ થી ૨૦૨૨ સુધી અન્ય ગુના કામે જામીન મુકત હતા ત્યારે રેગ્યુલર હાજરી પોલીસ સ્ટેશનમાં પુરાવેલી છે, સાક્ષી, પુરાવા સાથે ચેડાનો આક્ષેપ નથી, આરોપીએ કોઇ ગેરલાભ મેળવેલ નથી, સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા આધારીત છે, આરોપી ૮૫ વર્ષની ઉંમરના છે વજન ૧૧૫ કીલો છે, આરોપી અન્ય ગુના કામે જામીન મુકત થયા બાદ હાલનો ગુનો

થયેલો નથી, આરોપીનો લોન મંજુર કરવામાં કોઇ રોલ ન હતો, આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ નથી, જામીન મુકત કરતા સમયે અદાલત ફરમાવશે તેવી તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે જે તમામને ધ્યાનમાં લઇ હાલની જામીન અરજી મંજુર કરવા માટે વિનંતી કરેલી છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન સ્પે.પી.પી.શ્રી આંક–૬ થી રજુ થયેલ એફીડેવીટ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે હાલના આરોપીનુ શરૂઆતથી જ એફ.આઇ.આર.માં નામ છે, પુરતી તપાસ કર્યા બાદ જ આરોપી વિરૂધ્ધ એફ.આઇ.આર. નોંધાવેલી છે, આરોપી બેંકના એમ.ડી./સી.ઇ.ઓ. છે, આરોપીએ પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી જુદી, જુદી વેપારી પેઢીઓને કરોડો રૂપીયાની લોનો પાસ કરેલી છે જે લોન ભરપાઇ ન થતા તેને રીન્યુ પણ કરેલી છે, આરોપી સામે ઘણા બધા કેસો પેન્ડીંગ છે, એફ.આઇ.આર. નોંધવામાં કોઇ ડીલે થયેલ નથી, પારદર્શી તપાસ થયા બાદ કહેવાતા ગુનાની એફ.આઇ.આર. થયેલી છે, આરોપી મળી ન આવતા આરોપી સામે સી.આર.પી.સી. કલમ–૭૦ મુજબનુ વોરન્ટ ઇસ્યુ કરવામાં આવેલુ, આરોપીની ગેરહાજરીના કારણે કેસની ટ્રાયલમાં વિલંબ થયેલો છે, આરોપીનો ગુનામાં એકટીવ રોલ છે, આરોપીની વર્તણુંક અને આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ છે જે તમામને ધ્યાને લઇ હાલની અરજી નામંજુર કરવા માટે વિનંતી કરી છે.

(૫) આ કામે અરજદાર/આરોપીની જામીન અરજી, પોલીસ પેપર્સ વંચાણે લીધા. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તેમજ વિ.સ્પે.પી.પી.શ્રીની દલીલો ધ્યાને લીધી. આ કામે અરજદાર/આરોપી સામે આશરે ૭૩ જેટલા કેસો

નોંધાયેલા છે જેમાં ઘણા બધા કેસો ટ્રાયલ માટે અત્રેની અદાલતમાં પેન્ડીંગ છે તે જોતા અરજદાર/આરોપીની ગેરહાજરીના કારણે હાલના ગુનાની ટ્રાયલ આગળ ધપી શકી નથી. વળી આ કામના અરજદાર/આરોપીએ પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી મોટી રકમની લોનો જે, તે પેઢી તેમજ વેપારીઓને આપીને તેઓને આર્થિક ફાયદો કરાવેલો છે અને બેંકને નુકસાનમાં ઉતારેલ છે જે રકમ ગણવામાં આવે તો તે કરોડોની સંખ્યામાં છે તે જોતા પણ આવી ખુબ જ મોટી રકમનુ  બેંક કોંભાડ કરનારને જો જામીન મુકત કરવામાં આવે તો આવા પ્રકારના ગુનાનુ પ્રમાણ વધી જાય અને આવા પ્રકારનો ગુનો કરનાર વ્યકિતને પ્રોત્સાહન મળે તેમ છે અને કાયદાની કોઇ શેહ, શરમ રહે નહીં. વળી રજુ થયેલા પોલીસ પેપર્સ વેચાણે લેતાં અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ છે અને જો તેઓને જામીન મુકત કરવામાં આવશે તો તેઓ ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહીં અને અત્રેની અદાલતમાં તેઓ સામે જે ટ્રાયલ ચાલે છે તેમાં પણ તેઓ હાજર રહેતા નથી જેના કારણે ન્યાયિક કાર્યવાહી વિલંબીત થઇ રહેલી છે જે જોતા તથા અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તેઓ ફરિયાદપક્ષના કેસને તેમજ પુરાવાને નુકસાન કરી શકે તેમ છે, સાક્ષીઓને તોડી, ફોડી શકે તેમ છે. વળી આ કામના અરજદાર/આરોપીની વર્તણુંક, ગુનાનો પ્રકાર, ગુનાની ગંભિરતા જોતા તેઓએ અર્થતંત્રને અસરકારક તેવો ગંભિર પ્રકારનો ગુનો કરેલો છે જેના કારણે જે લોકોએ પોતાની જીવનભરની બચતો, પોતાની મરણ મુડી કે જે બેંકમાં થાપણ તરીકે મુકેલી છે તે થાપણો બેંક ફડચામાં જવાથી જે, તે સમયે તેઓને પરત મળી શકેલી નથી, અરજદાર/આરોપીએ પોતાના હોદ્દાનો

દુરૂપયોગ કરી જે લોકો લોનની રકમો ભરી શકે તેમ ન હતા તેવા લોકોને કરોડોની લોનો આપી દઇ પબ્લીકના નાણાનો વ્યય કરેલો છે. વધુમાં ભ્રષ્ટાચાર એ દેશના સૌથી મોટા અને સમાજના બહોળા વર્ગને અસરકર્તા ગુનો છે ત્યારે માત્ર સજાની જોગવાઈ નહીં જોતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવાથી સમાજ ઉપર તેની શું અસર પડે તેમ છે, સમાજમાં તેના કેવા પ્રત્યાઘાત પડે તેમ છે, આવા ગુનાનું પ્રમાણ વધે તેમ છે કે કેમ ? તે તમામ પણ ધ્યાને લેવુ જોઈએ. હાલના અરજદાર/ આરોપી સામે જયારે પ્રથમ દર્શનિય કેસ છે ત્યારે આ અદાલતની વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ હાલના અરજદાર/આરોપીની જામીન અરજીના કામે કરવો હિતાવહ જણાતુ ન હોય હાલની જામીન અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

અરજદાર/આરોપી દેવેન્દ્રપ્રસાદ ભગવાનજી પંડયાની હાલની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.**૯ મી** માહે–**ફેબ્રુઆરી** સને–**૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સાંભળાવી જાહેર કર્યો.

તારીખઃ– ૯–૨–૨૦૨૩

**(સારંગા વી.વ્યાસ)**
ખાસ ન્યાયાધિશ (એ.સી.બી.)
સિટી સેશન્સ કોર્ટ નં.૨૩,
અમદાવાદ શહેર
યુનીક આઇ.ડી.કોડ નં.GJ00675

પી.જે.રાઠોડ